હિંમતનગર ગ્રામ્ય વિસ્તારમાંથી પ્રેક્ટિસ કરતા ત્રણ નકલી તબીબો ઝડપાયા

વક્તાપુર ગામેથી બે અને ગાંભોઈના ખાંધોલમાંથી એક મળી 3 નકલી ડોકટર સામે કાર્યવાહી

હિંમતનગર તા.૦૬

કોરોના મહામારીની અત્યંત ઘાતક નીવડેલી પહેલી અને બીજી લહેર દરમિયાન સમગ્ર રાજયભરમાં ડિગ્રી કે સર્ટીફીકેટ વગર બીમાર વ્યક્તિના આરોગ્ય સાથે ચેડા કરી ઊંટવૈદુ - મેડીકલ પ્રેક્ટિસ કરતા બોગસ ડોકટરોનો રાફડો ફાટી નીકળ્યો છે જેમાં છેલ્લા બે મહિનાથી રાજ્ય સરકાર દ્વારા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી નિરક્ષર અને અભણ બીમાર વ્યક્તિઓના આરોગ્ય સાથે ચેડા કરી ઉટવૈદુ કરતા ડોક્ટરોને પકડવાની આવકારદાયક મુહિમ ચલાવવામાં આવી રહી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના અલગ અલગ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૧ એપ્રિલ થી ૩૧ મે સુધીમાં ૧૨૯ જેટલા બોગસ ડોકટરોને ઝડપી પાડવામાં આવ્યા છે જેમાં શહેરી વિસ્તારમાંથી ૭૬ અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૫૩ બોગસ ડોક્ટરો ઝડપી પાડવામાં આવ્યા છે ત્યારે હજુપણ સરકારી તંત્ર દ્વારા સ્પેશિયલ ટીમ બનાવીને અલગ અલગ શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આવા બોગસ ડોક્ટરોની શોધખોળ માટે તપાસના ચક્રો ગતિમાન કરાયા છે અને હજુ પણ વધુ બોગસ ડોક્ટરોના લિસ્ટ માં મોટી સંખ્યામાં ઉમેરો થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા નીરજ કુમાર બડગુજરે જિલ્લામાં ડુપ્લીકેટ ડોકટરને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા માટે આપેલ સુચના અન્વયે

એલસીબી પી.આઈ. સહિત એલ.સી.બી પોલીસ સ્ટાફના માણસો તથા મેડીકલ ઓફીસર ડો.પંકજકુમાર એચ. કટારા મેડીકલ ઓફીસર વર્ગ-૨ પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર આંત્રોલી , ડો.વિમલકુમાર સી. ખરાડી મેડીકલ ઓફીસર વર્ગ-૨ ,પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર ચિઠોડા તા.વિજયનગરની અલગ અગલ બે ટીમો બનાવી યોગ્ય માર્ગદર્શન આપી વકતાપુર ગામે ડીગ્રી વગરના બોગસ ડોકટરો ગે.કા. મેડીકલ પ્રેકટીસ કરી રહેલ હોઈ ચકાસણી કરતા એક જ ગામમાં બે બોગસ તબીબો ઝડપાઈ ગયા હતા.

જેમાં આશિફ કિફાયતુલ્લા રાજપુરા, (ઉ.વ-૩૮, રહે ઈલોલ,પહાડીયા વિસ્તાર, તા-હિંમતનગર, અભ્યાસ-ધોરણ-૧૨ આર્ટસ) અને જગદીશભાઈ કચરાભાઈ પટેલ (રહે.બસ સ્ટેશનની પાસે વકતાપુર તા.હિંમતનગર)નો સમાવેશ થાય છે. આ બન્ને શખ્સો પોતાના કબજા ભોગવટાના મકાનોમાં દવાખાનુ બનાવી કોઈપણ જાતના મેડીકલ ડીગ્રી કે, સર્ટીફીકેટ વગર ડોકટર તરીકેનુ રૂપ ધારણ કરી બીમાર લોકોને તપાસ એલોપેથીક દવા તથા ઈંજેકશન આપી બીમાર લોકોના સ્વાસ્થ્ય સાથે બેદરકારી ભર્યુ કૃત્ય કરી તેમજ ગે.કા. મેડીકલ પ્રેકટીસ કરી દવા તથા સાધનોથી બિમાર વ્યક્તિઓને પોતે ડોકટર નહિ હોવા છતાંયે તપાસી છેતરપીંડી કરી દવા, ગોળી, મેડીકલ સાધનો,સુટકેશ સાથે કુલ રૂ.૨૨,૪૮૮.૮૮/- ના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા છે.

આ ઉપરાંત એસઓજી પી.આઈ. .વાય.જે.રાઠોડે ખાંધોલ ગામે ઓચિંતો છાપો મારી વધુ એક ડીગ્રી વિનાનો બોગસ તબીબને ઝડપી લીધો હતો. ખાંધોલ ગામે સોમાજી જવાનજી પરમાર પોતાના રહેણાંક મકાનની આગળ આવેલ ઓરડીમાં દવાખાનું ખોલી કોઈપણ જાતના મેડીકલ ડીગ્રી કે, સર્ટીફીકેટ વગર ચલાવતા હતા તેને ઝડપી લઈ.તેની પાસેથી મેડીકલ સાધનો સહિત કુલ્લે રૂ?. ૩,૧૮૯.૩૪ ના મુદામાલ કબજે લઈ તેની અટક કરી તેની વિરુદ્ધ ગાંભોઈ પો. મથકે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઈન્ડીયન મેડીકલ એસોસિએશન દ્વારા બોગસ ડોકટરો સામે કાયદેસરની કાર્યવાહી સાથે સાથે કાયદાઓમાં પણ ફેરફાર કરવાની તાતી જરૂરિયાત ઉભી થઈ છે મેડિકલ ડિગ્રી કે સર્ટિફિકેટ વગર ઊંટવૈદુ - મેડીકલ પ્રેક્ટિસ કરતા બોગસ ડોકટરોમાં કાયદાકીય જોગવાઈ પ્રમાણે સજાનું પ્રમાણ નહિવત્ હોવાથી બોગસ ડોકટરોમાં કોઈપણ જાતનો ડરનો માહોલ જોવા મળતો નથી.

શહેરમાં ધાડના ગુનાને અંજામ આપવા આવેલી ટોળકીનો વધુ એક આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા. ૬

અમદાવાદના ગેંગસ્ટર બસ્તીખાનની ગેંગ ગાંધીનગરમાં ધાડના ગુનાને અંજામ આપે તે પહેલા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ નજીકથી ગેંગના ૬ સભ્યોને પોલીસે દબોચી લીધા હતા. ત્યારે આ ગેંગના વધુ એક આરોપીને અમદાવાદના દાણી લીમડા વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યો છે.

ગત તા. ૨૨-૫-૨૧ના રોજ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ પાસે કેટલાક શખ્સો ચારથી પાંચ ગાડીમાં ઘાતક હથીયારો સાથે એકઠા થયા છે. જેઓ દર્શનસિંહ ચાવડા ઉર્ફે ગોપી નામની વ્યક્તિ સાથે પૈસાની લેતી-દેતી મામલે માર મારી લુંટી લેવાના ઈરાદે ભેગા થયા છે. ત્યારે પોલીસે ધાડના ગુનાને અંજામ આપે તે પહેલા ૬ વ્યક્તિને સ્થળ પરથી પકડી પાડ્યા હતા. જ્યારે બસ્તીખાન અને તેની ટોળકીના કેટલાક સભ્યો નાસી છુટ્યા હતા. આ પૈકી વોન્ટેડ આરોપી અઝીજુર રીયાજુર રહેમાન સૈયદ (રહે. દાણીલીમડા)ને એલસીબી-૨ પોલીસે દબોચી લીધો હતો. પકડાયેલા કુખ્યાત અઝીજુર સામે અમદાવાદના વિવિધ ૯ પોલીસ મથકમાં ચોરી, લૂંટ, મારામારી, ચેઈન સ્નેચીંગ સહિતના ગુનાઓ નોંધાયેલા છે.

ગુજરાતમાં કોરોનાના નવા ૮૪૮ કેસ

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૭૮૮૨૯૩ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૧૩૪ કેસ

ગુજરાતમાં સતત કોરોના વાયરસના કેસમાં સતત રાહત મળી રહી છે. રાજ્યમાં સતત બીજા દિવસે સતત નવા કેસની સંખ્યા એક હજારથી નીચે રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૮૪૮ નવા કેસ સામે આવ્યા છે. તો આ દરમિયાન ૧૨ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૯૧૫ લોકો સાજા થયા છે. નવા કેસની સાથે રાજ્યમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૮ લાખ ૧૬ હજાર ૨૩૪ પર પહોંચી છે. તો અત્યાર સુધી ૭ લાખ ૮૮ હજાર ૨૯૩ લોકો સાજા થયા છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૮૦૦૮ છે અને અત્યાર સુધી ૯૯૩૩ લોકોના નિધન થયા છે. રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૮૦૦૮ છે. જેમાં ૩૭૧ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો અત્યાર સુધી કોરોનાને લીધે ગુજરાતમાં ૯૯૩૩ લોકોના નિધન થયા છે. કોરોનાની સારવાર બાદ ૭૮૮૨૯૩ લોકો સાજા થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૬.૮૫ ટકાએ પહોંચી ગયો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૧૨૬ કેસ સામે આવ્યા છે. તો વડોદરા શહેરમાં ૧૨૬ અને સુરત શહેરમાં ૯૧ કેસ નોંધાયા છે. વડોદરા ગ્રામ્યમાં ૬૫, સુરત ગ્રામ્યમાં ૫૦, જુનાગઢ ગ્રામ્યમાં ૪૫ કેસ નોંધાયા છે. ગીર સોમનાથમાં ૩૯, રાજકોટ જિલ્લામાં ૪૯, જામનગર શહેરમાં ૨૦, પંચમહાલમાં ૧૮, સાબરકાંઠામાં ૧૭, દેવભૂમિ દ્વારકામાં ૧૬, નવસારીમાં ૧૫, ખેડામાં ૧૪, વલસાડમાં ૧૪ કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૩ લોકોના મોત થયા છે. તો વડોદરા અને સુરત શહેરમાં એક-એક, સુરત ગ્રામ્ય ૧, જામનગર ૧, બનાસકાંઠા ૧, અરવલ્લી ૧, ભાવનગરમાં ૧ એટલે કે કુલ ૧૨ લોકોના નિધન થયા છે.

અરવલ્લી પોલીસ વડાએ ખેલ પાડ્યો - સાહેબોના વહીવટદાર બની ગયેલા ડ્રાઈવર પોલીસની બદલી

૩૨ ડ્રાઈવર પોલીસની બદલીથી કહીં ખુશી, કહીં ગમ..નો માહોલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

અરવલ્લી પોલીસ વડા સંજય ખરાતની કામગીરીને બિરદાવવી જોઈએ. માંડે માંડે પણ જિલ્લા પોલીસમાં ચાલતા ભ્રષ્ટાચારને શોધવામાં તેઓ સફળ રહ્યા છે. પોલીસ સ્ટેશનમાં હેડકોન્સ્ટેબલ, અનાર્મ કોન્સ્ટેબલો બદલાતા પરંતુ નવનિયુક્ત કે હયાત પી.એસ.આઈ.ના ઉઘરાણામાં કોઈ ફેર પડતો ન હતો કારણ કે મોટાભાગે સાહેબોના વહીવટદાર ખુદ પોલીસની જીપના ડ્રાઈવરો બની ગયા હતા (કોઈએ બંધ બેસતી પાઘડી પહેરવી નહીં, દરેકને લાગુ પડતું નથી) જેથી સાપ ભી ન મરે ઔર લાઠી ભી ન તૂટે..ઉક્તિ અનુસાર પોલીસ વડાએ ૩૨ ડ્રાઈવર પોલીસને એક જ ઝાટકે બદલી કરી દેતાં નિષ્ઠાવાન પોલીસ કર્મચારીઓમાં ખુશાલી જોવા મળી. હાઈવે ઉપર વાહનો થોભાવી ઉઘરાણું કરતા પોલીસ ડ્રાઈવરો માટે બદલીના કારણે કહીં ખુશી, કહીં ગમ..નો માહોલ જોવા મળ્યો અને પોતાની બદલી અટકાવવા રાજકીય આકાઓના શરણે પહોંચ્યા છે.

અરવલ્લી પોલીસ વડાની કડકાઈ છતાં બાયડ, માલપુર, ધનસુરા, ભિલોડા સહિતના અનેક વિસ્તારોમાં બેરોકટોક દેશી, વિદેશી દારૂનો વેપલો અને હેરાફેરી થઈ રહી છે. માત્ર પોલીસ કર્મીઓને બદલવાથી તેમાં કોઈ ફેર પડતો ન હતો. કારણ કે દારૂના બુટલેગરો સાથે મોટાભાગે પોલીસ સ્ટેશનના ડ્રાઈવરો સંપર્ક જાળવી રાખતા હતા અને જવલ્લે જ પોલીસ ડ્રાઈવરોની બદલી થતી હતી. જિલ્લા પોલીસ વડા દ્વારા પોલીસ બેડામાં વ્યાપેલા ભ્રષ્ટાચારના સડાને દૂર કરવા અનેક હિંમત ભર્યા નિર્ણય લેવાયા અને છેલ્લા સાગમટે ૩૨ ડ્રાઈવર પોલીસ કર્મચારીઓની જાહેર હીતમાં બદલી કરી તાબડતોબ બદલીના સ્થળે હાજર થવા આદેશ આપી દેવામાં આવ્યા છે. ડ્રાઈવર પોલીસની બદલીના આદેશ થતાં અનેક રાજકીય આકાઓએ બદલી અટકાવવા માટે જિલ્લા પોલીસ વડા કચેરીમાં ફોન કર્યાની ચર્ચા પણ જોરમાં ચાલી રહી છે. પરંતુ પોલીસ વડાએ કોઈ મચક આપી નથી.

ભેળસેળની આશંકા : ઉત્તર ગુજરાતમાં બાસમતી રાઈસમાં પ્લાસ્ટીકના ચોખાની ભેળસેળ..!!

રાજ્યના અન્ય વિસ્તારોમાં સેમ્પલ લેવાયાં

બાસમતી રાઈસમાં પ્લાસ્ટીકના ચોખાની ભેળસેળ થતી હોવાની માહિતી મળતાં ઉચ્ચ કક્ષાએથી મળેલા આદેશો

અનુસાર રાજ્યના અન્ય વિસ્તારોમાં બ્રાન્ડેડ બાસમતી રાઈસના સેમ્પલ લેવામાં આવ્યા છે તે જોતાં ઉત્તર ગુજરાતમાં પણ બાસમતી રાઈસમાં પ્લાસ્ટીકના ચોખાની ભેળસેળના પગલે તપાસ કરી સેમ્પલ લેવાય તેવી વકી છે.

રાજ્યમાં આરોગ્ય અને ફૂડ વિભાગની સારી કામગીરી છતાં જિલ્લા કક્ષાએ ખાસ કરીને ફૂડ વિભાગનાં ઉઘરાણાં જગજાહેર છે. અગાઉ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ફુડ વિભાગમાં ઓફીસર તરીકે ફરજ બજાવતા મહિલા અધિકારી લાખો રૂપિયાની લાંચ લેતાં પાટણ જિલ્લામાં ઝડપાયા હતા ત્યારે જ પ્રજા અને વેપારીઓને ખ્યાલ આવ્યો કે ભેળસેળ દબાવી દેવા માટે કેટલા મોટા તોડ થતા હતા. જો કે આ ઘટના પછી પણ તંત્રમાં કોઈ સુધાર આવ્યો નથી. ઉત્તર ગુજરાતના ફુડ વિભાગના મોટાભાગના અધિકારીઓ દિવાળીનો તહેવાર આવે તે સમયે જ પોતાની આર્થિક સ્થિતિ સદ્ધર બનાવવા માટે માત્ર તપાસની તિકડમ બાજી ઉભી કરી પાછલા બારણે સેમ્પલ કેવી રીતે પાસ થાય તેનો ખેલ પૂરો કરી દે છે અને હવે રાજ્ય સરકાર સુધી વિગતો પહોંચી છે કે બાસમતી રાઈસમાં પ્લાસ્ટીકના ચોખાની ભેળસેળ કરવામાં આવી છે અને જો ભેળસેળ થઈ હોય તો પ્રજાના આરોગ્ય ઉપર ગંભીર ખતરો પેદા થઈ શકે છે. જેના કારણે તાબડતોબ રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભેળસેળની આશંકાથી ચોખાના સેમ્પલ લેવામાં આવ્યા છે. બાસમતી બ્રાન્ડેડ રાઈસ ઉત્તર ગુજરાતના રસોઈ શોખીન અનેક લોકો માટે પણ પ્રિય છે. આ સંજોગોમાં ઉત્તર ગુજરાતની પ્રજાના પેટમાં પ્લાસ્ટીકના ચોખા ઘરબાઈ જાય તે અગાઉ ફુડ વિભાગ દ્વારા સેમ્પલ લેવામાં આવે તે પ્રજાના આરોગ્યના હીતમાં છે.

વિમેન ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સે સ્ટાર્ટઅપ સેલ લોન્ચ કર્યુ

ગાંધીનગર, તા.૬

કોરોના મહામારીમાં આગળ આવેલી મહીલાઓની હિંમતને વધારવા વિમેન ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સ્ટાર્ટઅપ સેલ લોન્ચ કરવામા આવ્યું છે. આ લોન્ચિંગ પ્રસંગે મુખ્ય અતિથી તરીકે ગુજરાત સરકારના

સ્ટાર્ટઅપ ઈનોવેશન યોજનાના સયુંક્ત ઉદ્યોગ કમિશનર ડી.આર.પરમાર, વિમેન આંત્રપ્રેન્યોર ફાઉન્ડેશનના ડો.કૃતિ પટેલ તેમજ સ્કય કવેસ્ટ ટેકનોલોજીના સીઈઓ શ્રેયા દામાણી જોડાયા હતા.

ડો. કૃતિ પટેલે મહીલાઓ માટે શરૂ કરવામાં આવેલી ઘણી સ્કીમની માહિતી આપવાની સાથે મહિલાઓને ડર દૂર કરી હિંમત સાથે પોતાના જોશને અનુસરવા માટે સંદેશ આપ્યો હતો. જ્યારે શ્રેયા દામાણીએ કોઈ એક નિષ્ફતામાંથી હતાશ થઈ બેસી જવાને બદલે સતત અને સખત મેહનત કરી સફળતા પામવા જણાવ્યું હતુ. આ પ્રસંગે સમગ્ર ગુજરાત સ્ટાર્ટઅપ કાઉન્સિલમા કાઉન્સિલ મેમ્બર તરીકે જોડાયેલ તમામ મહીલાઓ બ્રિંન્દા પંડ્યા, ભૂમિકા પંચાલ, કાજલ પટેલ, બિનલ પટેલ, રશ્મિકા શાહ, ડો. પ્રતીક્ષા પટેલ, તોષા શુક્લા, તૃષ્ણા યાજ્ઞિક, ઈશાની નાયક, અભીનીશા આસશ્રા, કુંપલ શાહ, પારુલ અઠ્ઠરવલે, ડો. રચિતા જયસ્વાલ, દ્રાવ્ય જોષી, દિવ્યા શેટલુર, જાનકી દવે, જાહ્નવી ઠાકરનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાત કાન્સિલ સેલના મેમ્બર જાનકી જોશી તેમજ સંજના ઐયર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજન માટે ડો. કૃપા મહેતા, તેજશ્રી શાહ તેમજ ભાગ્યશ્રી ત્રિવેદીએ જહેમત ઉઠાવી હતી.

ધનસુરાના શીકા અને વડાગામ આરોગ્ય કેન્દ્રને NQASનું સર્ટીફીકેશન મળ્યું

તમામ સેવાની ગુણવત્તાની ચકાસણી બાદ અપાય છે આ સર્ટી

ધનસુરાના શીકા અને વડાગામ આરોગ્ય કેન્દ્રને NQASનું સર્ટીફીકેશન મળ્યું છે. તમામ સેવાની ગુણવત્તાની ચકાસણી બાદ આ સર્ટી અપાય છે પ્રાથમિક કેન્દ્ર ખાતે ગુણવત્તાસભર અને તમામ માપદંડો મુજબ આરોગ્યની સેવાઓ મળી રહે અને તેનું નિયમિત એસેસમેન્ટ કરાય છે જેમાં NQASનો સમાવેશ થાય છે આ એસેસમેન્ટ ભારત સરકાર ધ્વારા કરાય છે જેમાં કોઈપણ રાજ્યના એસેસર ધ્વારા NQASના માપદંડ મુજબ તમામ સર્વિસ નું ચેક અપ કરાય છે અને ડોક્યુમેન્ટ વેરીફિકેશન કરાય છે શીકા કેન્દ્ર ખાતે અપાતી તમામ સેવાઓની ગુણવત્તા પ્રા આરોગ્ય કેન્દ્રનું ઈન્ફાસ્ટ્રક્ચર, સેવાઓની ચકાસણી કરાઈ હતી જેમાં સર્ટીફાઈડ થવા માટે મિનિમમ ૭૦ ટકા જરૂરી હોય છે આ અંતર્ગત એસેસમેન્ટમાં તમામ વિભાગોમાં શીકા ૮૫.૮૩ ટકા અને વડાગામ-૮૯.૩૦ ટકા સાથે આરોગ્ય કેન્દ્રને NQAS સર્ટીફિકેશન મળેલ છે જે ધનસુરા અને અરવલ્લી માટે

ગૌરવની વાત છે આ અગાઉ ભેંસાવાડા આરોગ્ય કેન્દ્રના પણ આ સર્ટીફિકેટ મળેલ છે ધનસુરા તાલુકામાં ભેંસાવાડા, શીકા અને વડાગામ PHCને NQASનું સર્ટીફિકેટ મળેલ છે જેને લઈ સ્ટાફની સુંદર કામગિરી થકી આ સર્ટીફિકેશ મળતા જિલ્લા વિકાસ અધિકારી અનિલ ધામેલિયા અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી બી.બી.સાધુ, જિલ્લા આરોગ્ય અધિકારી આર.જી.શ્રીમાળી, તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામી, આરોગ્યના આશિષભાઈ નાયક સૌએ શીકા અને વડાગામના મેડિકલ ઓફિસર અને મેડિકલ સ્ટાફને અભિનંદન આપ્યા હતા. શીકાના મેડિકલ ઓફિસર નાજીમાબેનને પણ અભિનંદન આપ્યા હતા.

ઉત્તર ગુજરાતના દોઢ લાખ ખેડૂતોને રાહત : પ્રમોલગેશનની ક્ષતિ સુધારવા વાંધા અરજી મુદત લંબાવી

પાંચમી વખત મુદતમાં વધારો, ૩૦ સપ્ટેમ્બરની સમયમર્યાદા નક્કી કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ઉત્તર ગુજરાતના ૮ લાખથી વધુ ખેડૂતોની જમીનની માપણી કરી પ્રમોલગેશન કરવાની કામગીરી રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી હતી. પ્રમોલગેશન પછી રી-સર્વે રેકોર્ડમાં લાખો ખેડૂતોના રેકર્ડમાં ક્ષતિઓ સામે આવતાં ઉહાપોહ થયો હતો અને તબક્કાવાર પ્રમોલગેશનની ક્ષતિ સુધારવા વાંધા અરજીની મુદત વધારાતી રહી. કોરોનાની મહામારીના કારણે વધુ એક વખત મુદતમાં વધારો કર્યો છે. હવે મહેસૂલ વિભાગે મુદત વધારે ૩૦ સપ્ટેમ્બર નિયત કરતાં ઉત્તર ગુજરાતના દોઢ લાખ ખેડૂતોને રાહત થઈ છે. મુદત વધતાં વકીલ ફી, અન્ય ખર્ચ તેમજ હાડમારીમાંથી ખેડૂતોને મુક્તિ મળી શકે છે.

રાજ્યમાં મહેસૂલ વિભાગ દ્વારા તમામ ખેડૂતોની જમીનો સેટેલાઈટથી માપણી કરી તે પ્રમાણે રેકર્ડમાં સુધારો કરવામાં આવ્યો હતો જેના કારણે ઓછી જમીનવાળા ખેડૂતો કાં તો વધુ જમીન ધરાવતા ખેડૂતો બની ગયા, મોટા ખેડૂતો નાના ખેડૂતો બની ગયા, અનેક ખેડૂતોની જમીન ગાયબ થઈ ગઈ..જેવી વિચિત્ર સ્થિતિ સામે આવી. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ખેતીની જમીન રી-સર્વે માટે ડીઝીટલ ઈન્ડીયા લેન્ડ રેકડર્સ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ હેઠળ ખેતીની જમીનની માપણી કરી પ્રમોલગેશન કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેથી રેકર્ડની ક્ષતિઓ સુધારી શકાય. રેકર્ડમાં ક્ષતિ સુધારવા નારાજ અરજદારને જમીન મહેસૂલ અધિનિયમ કલમ-૨૦૩ હેઠળ અપીલ કરવાની જોગવાઈ છે. અપીલ રાહે દાદ મેળવવામાં વિલંબ અને ખાતેદારોની હેરાનગતિ, વકીલાત ફી, અન્ય ખર્ચ અને માનસિક રીતે પરેશાન થવાનું થતું હતું. ખેડૂતોના હોબાળા પછી ક્ષતિ સુધારણાની અરજીઓ પરત્વે અપીલ કરવાને બદલે સુપ્રિટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડને સામાન્ય અરજી આધારે નિકાલ કરવાની સત્તા આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૪ વખત મુદત આપ્યા પછી કોરોનાની બીજી લહેરમાં અનેક ખેડૂતોને પ્રમોલગેશનની સ્થિતિ સુધારવામાં વધુ એક તક આપવાનો નિર્ણય કરી ૩૦ સપ્ટેમ્બર સુધી મુદત લંબાવવામાં આવી છે. રાજ્યના મહેસૂલ વિભાગના આ નિર્ણયથી ખેડૂતોમાં હવે ન્યાય મળશે અને રાહતની હાશ પણ જોવા મળી.

વલાદ બ્રાઈટ સ્કૂલ પાસેથી ચાર જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા. ૬

વલાદ ગામની સીમમાં આવેલી બ્રાઈટ સ્કૂલની નજીક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ચાર જુગારીઓને ડભોડા પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૧,૫૯૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ડભોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે વલાદ ગામની સીમમાં બ્રાઈટ સ્કૂલ નજીક ખુલ્લી જગ્યામાં કુંડાળુ વળીને જુગાર રમી રહ્યા છે જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડીને જુગાર રમતા પંકજસિંહ વિક્રમસિંહ સિસોદીયા (ઉં.વ. ૩૦) રહે. નિલમપાર્ક સોસાયટી નાના ચિલોડા અમદાવાદ, રાકેશ અનિલભાઈ ઠક્કર (ઉં.વ.૩૮) રહે. ૧૦૪ સોના આકૃતિ ફ્લેટ ગેરતપુર રેલવે સ્ટેશન પાછળ હાથીજણ અમદાવાદ, કાળુસિંહ ભમેસિંહ ઠાકોર (ઉં.વ. ૨૫) રહે. ગણશનગર નાના ચિલોડા અમદાવાદ, વિક્રમભાઈ ભાનુજી વણઝારા (ઉં.વ. ૩૫) રહે. એફ.૧૦૫ આમ્રપણ આવાસ યોજના દાસ્તાન સર્કલ કઠવાડા રોડ ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રૂ. ૧૧,૫૯૦ રોકડા અને ગંજીપાના જપ્ત કરી જુગારધારા મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

એચડીએફસી બેંકે વર્ષ ૨૦૩૧-૩૨ સુધીમાં કાર્બન ન્યૂટ્રલ બનવાની કટિબદ્ધતા વ્યક્ત કરી

૫ જૂનના રોજ વર્લ્ડ એન્વાર્યમેન્ટ ડે પૂર્વે પોતાની યોજનાની જાહેરાત કરી

એચડીએફસી બેંકના સીએસઆર, બિઝનેસ ફાઈનાન્સ એન્ડ સ્ટ્રેટેજી, એડમિનિસ્ટ્રેશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ગ્રૂપ હેડ સુશ્રી આશિમા ભટ્ટે જણાવ્યું હતું કે 'શેર્ડ ફ્યુચરનો અર્થ છે, વ્યક્તિઓ, કંપનીઓ અને તમામ દેશોએ ક્લાઈમેટ ચેન્જની અસરોને ભેગા મળીને ઘટાડવી. આ પ્રયાસ દ્વારા અમે આ દિશામાં દેશની કટિબદ્ધતાને સમર્થન પૂરું પાડી રહ્યાં છીએ. આ માટેની એક વ્યાપક વ્યૂહરચના તૈયાર થઈ ગઈ છે અને આગળ જતાં અમે તેને સુધારીશું તથા જો જરૂર જણાશે તો તેમાં નવા ઉપાયોને પણ લાગુ કરીશું. એક જવાબદાર કૉર્પોરેટ નાગરિક તરીકે એચડીએફસી બેંક ક્લાઈમેટ ચેન્જની અસરોને ઘટાડવા તેમજ પેરિસ એગ્રીમેન્ટ હેઠળ દેશને આંતરરાષ્ટ્રીય કટિબદ્ધતાઓને પૂરી કરવામાં મદદરૂપ થવા માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.

નિરીક્ષકોની નિયુક્તિ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિગતો પ્રમાણે રાજ્ય સરકાર હવે વિકાસના કામો પર ધ્યાન કેન્દ્રીત કરવા માગે છે એટલુ જ નહિ પણ આવા કામો તેની સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા વધુ આતુર છે. જિલ્લા આયોજન મંડળ દ્વારા ચાલતા કામોની મુદતો વારંવાર લંબાવવામાં આવતી હોય છે અને તે સમયમર્યાદામાં પૂરા ન થતા હોવાથી ઘણીવાર અપૂર્ણ છોડી દેવામાં આવતા હોય છે. આ સ્થિતિ સરકારના ધ્યાને આવતાં સરકાર ચોંકી ઉઠી છે. કેટલાક કિસ્સાઓમાં તો ગ્રાન્ટના અભાવે કામો પણ રદ કરવા પડતા હોય છે આથી વિકાસની ચોક્કસ ગતિ નિયત થાય તેમજ તેના કામોનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે હેતુ સિદ્ધ થાય તે જરૂરી છે. સરકાર દ્વારા નિમવામાં આવેલા નિરીક્ષકોને ૩ થી ૫ જિલ્લા સરેરાશ ફાળવવામાં આવ્યા છે.

એનઓસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંપૂર્ણ પૂર્તતા કરતાં હોય તો તેમને ફાયર એનઓસી આપવા માટે બી.યુ. પરમીશનનો બાધ રહેશે નહિ.

આ બેઠકમાં અન્ય એક એવો નિર્ણય પણ લેવામાં આવ્યો છે કે નગરપાલિકા વિસ્તારોમાં ફાયર એનઓસી આપવાની સત્તા અને અધિકારો અગ્નિશમન નિયામકના સ્થાને સંબંધિત નગરપાલિકાના ફાયર ઓફિસરોને આપવામાં આવશે. આ નિર્ણયને પરિણામે રાજ્યના નગરોમાં ફાયર એનઓસી લોકોને ત્વરાએ મળી શકશે.

રાજ્યમાં અગ્નિશમન સેવાઓનો વ્યાપ વધે અને નાગરિકોને કામકાજમાં સરળતા મળી રહે તે હેતુસર એક વધુ ફાયર રિજિયનનો ઉમેરો કરવાનો પણ નિર્ણય કર્યો છે. હવે રાજ્યમાં આઠ મહાનગરો ઉપરાંત રિજિયોનલ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટિઝ કચેરીના કાર્યક્ષેત્ર મુજબ અમદાવાદ, સુરત, વડોદરા, ગાંધીનગર, રાજકોટ અને ભાવનગર એમ છ ફાયર રિજિયન મળી કુલ ૧૪ ફાયર રિજિયન કાર્યરત થશે.

આ ફાયર રિજિયનના ફાયર ઓફિસરોએ આઈ.એ.એસ. કક્ષાના સિનિયર ઓફિસરો જે તે પ્રાદેશિક મ્યુનિસિપલ કમિશનર તરીકે ફરજ બજાવે છે તેમના નિયંત્રણ હેઠળ ફરજો બજાવવાની રહેશે.

હવે શહેરી વિકાસ સત્તા મંડળોના વિસ્તારોમાં સમાવિષ્ટ વિસ્તારો માટે મહાનગર પાલિકાના ચીફ ફાયર ઓફિસર ફાયર એનઓસી આપવાની કામગીરી કરશે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાયેલી ફાયર સેફટી અંગેની આ સમીક્ષા બેઠકમાં શહેરી વિકાસના અધિક મુખ્ય સચિવશ્રી મુકેશ પુરી, મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ તેમજ ફાયર અને શહેરી વિકાસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતા.

વોઈસ ઓફ ગુજરાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભદ્